For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# વીમેન ક્રિકેટ : પાદરાની વિધિની અંડર-૧૯ અને મૈત્રીની ટી-૨૦માં પસંદગી

## વિધિ પરમાર શ્રીલંકા સામેની વન-ડે સિરીઝમાં રમશે, વતન પરત ફરતા પાદરામાં ઢોલ-નગારા અને આતશબાજી સાથે ભવ્ય સ્વાગત

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

પાદરા તાલુકા માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. પાદરાની 17 વર્ષીય પ્રતિભાશાળી ક્રિકેટર વિધિ હસમુખ પરમારની ભારતીય મહિલા અન્ડર-19 ક્રિકેટ ટીમમાં પસંદગી થતાં સમગ્ર વિસ્તાર આનંદ અને ગર્વની લાગણીથી ઝૂમી ઉઠ્યો છે. આગામી 30 જૂનથી શ્રીલંકા સામે શરૂ થનારી વન-ડે ક્રિકેટ સિરીઝમાં વિધિ ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરશે.

ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યા બાદ વતન પરત ફરેલી વિધિનું પાદરા ખાતે શહેરીજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શહેરમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો. ઢોલ-નગારાના તાલ, આતશબાજી અને ઉમળકાભેર વધામણાં વચ્ચે વિધિનું સન્માન કરવામાં આવ્યું હતું. વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ખેલપ્રેમીઓ, યુવાનો અને નાગરિકો ઉપસ્થિત રહી આ સિદ્ધિની ઉજવણીમાં જોડાયા હતા.

સ્વાગત સમારોહમાં પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, નગરપાલિકા પ્રમુખ દીપેશ પંચાલ, તાલુકા ભાજપ પ્રમુખ સંજયસિંહ પરમાર સહિતના આગેવાનો અને પાલિકાના સભ્યો હાજર રહ્યા હતા. મહાનુભાવોએ વિધિને પુષ્પગુચ્છ અર્પણ કરી અભિનંદન પાઠવ્યા હતા તેમજ દેશ અને ગુજરાતનું નામ રોશન કરવા બદલ શુભેચ્છાઓ આપી હતી.

હાલ ધોરણ-12માં અભ્યાસ કરતી વિધિએ શિક્ષણ સાથે ક્રિકેટ ક્ષેત્રે સતત મહેનત અને સમર્પણના બળે આ આંતરરાષ્ટ્રીય સિદ્ધિ હાંસલ કરી છે. તેની સફળતા પાદરા સહિત સમગ્ર ગુજરાતની યુવા પેઢી માટે પ્રેરણારૂપ બની છે. હવે સૌની નજર શ્રીલંકા સામેની સિરીઝમાં વિધિના પ્રદર્શન પર કેન્દ્રિત થઈ છે.



## નવસારીની દીકરી મૈત્રી મણિયારની કમાલ, શ્રીલંકા સામેની સિરીઝ માટે ભારતીય અંડર-૧૯ મહિલા ટીમની 'સંભવિતો'માં પસંદગી

(પ્રતિનિધિ) વડોદરા. તા.12

નવસારીની યુવા ક્રિકેટર મૈત્રી મણિયારે પોતાની પ્રતિભા અને મહેનતના બળે ભારતીય અંડર-19 મહિલા ક્રિકેટ ટીમની સંભવિત ખેલાડીઓમાં સ્થાન મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આગામી શ્રીલંકા સામે રમાનારી દ્વિપક્ષીય શ્રેણી-2026 માટે તેની પસંદગી થતાં નવસારી સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ખુશીનો માહોલ છવાયો છે.

નાના શહેરમાંથી રાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ ઉભી કરનાર મૈત્રીની આ સિદ્ધિ માત્ર તેના પરિવાર માટે જ નહીં, પરંતુ રાજ્યના રમતજગત માટે પણ ગૌરવની ક્ષણ બની છે. મૈત્રીએ તાજેતરમાં યોજાયેલી મહિલા અંડર-19 વન-ડે ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે 55 રનની મહત્વપૂર્ણ અડધી સદી ફટકારી પસંદગીકારોનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું. દબાણભરી પરિસ્થિતિમાં પણ જવાબદારીપૂર્વક બેટિંગ કરવાની તેની ક્ષમતાએ તેને અન્ય ખેલાડીઓથી અલગ ઓળખ અપાવી છે. તેની પ્રતિભાને ઘડવામાં નવસારીની એસ.એસ. અગ્રવાલ સ્પોર્ટ્સ એકેડેમી અને બરોડા ક્રિકેટ એસોસિએશનનો મહત્વનો ફાળો રહ્યો છે. આધુનિક તાલીમ, અનુભવી કોચિંગ અને યોગ્ય માર્ગદર્શનના કારણે મૈત્રી પોતાની રમતને સતત નીખારવામાં સફળ રહી છે. મૈત્રીની સફળતા દેશ માટે રમવાનું સ્વપ્ન જોતી યુવા મહિલા ક્રિકેટરો માટે પ્રેરણારૂપ બની છે. તેની પસંદગીના સમાચાર મળતાં જ ક્રિકેટ વર્તુળમાં ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે. રમત નિષ્ણાતોના મતે, મૈત્રીમાં લાંબી કારકિર્દી બનાવવાની ક્ષમતા છે અને શ્રીલંકા સામેની આ શ્રેણી તેના આંતરરાષ્ટ્રીય કરિયરની મહત્વપૂર્ણ શરૂઆત સાબિત થઈ શકે છે.



### કુંભારવાડામાં વહેલી સવારે 3.30 વાગે બનેલી ઘટનાથી પોલીસ દોડતી થઈ

# ડ્રગ્સનો નશો કરવા મુદ્દે ઠપકાની અદાવત રાખી માથાભારે શખ્સનું 4 રાઉન્ડ ફાયરિંગ

**રામરાજ** હોટેલ નજીક સવારે 3:30 વાગ્યે ફાયરિંગ થતા ભયનો માહોલ,

**સ્થાનિક** પોલીસ અને ઉચ્ચ અધિકારી સહિતનો કાફલો એક્શનમાં, પોલીસે બે શંકાસ્પદોની અટકાયત

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરાના કુંભારવાડા વિસ્તારમાં વહેલી સવારે ફાયરિંગની ઘટનાથી સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાવા સાથે ચકચાર મચી ગઈ છે. રામરાજ હોટેલ નજીક આશરે 3:30 વાગ્યે થયેલા ચાર રાઉન્ડ ફાયરિંગ પાછળ જૂની અંગત અદાવત કારણભૂત હોવાની પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ કુંભારવાડા પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. શંકાસ્પદ બે વ્યક્તિને ડીટેઈન કરાયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

વડોદરા શહેરના કુંભારવાડા વિસ્તારમાં આવેલી રામરાજ હોટેલ નજીક વહેલી સવારે આશરે 3:30 વાગ્યે ફાયરિંગની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક માહિતી મુજબ, કેટલાક શખ્સોએ ત્રણ વ્યક્તિઓને નિશાન બનાવી ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યુ હોવાની ચર્ચા સ્થાનિકોમાં ચાલી રહી છે.

ઘટનાની જાણ થતાં જ કુંભારવાડા પોલીસ સ્ટેશનનો કાફલો તેમજ પોલીસ અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી તપાસ શરૂ કરી હતી. પોલીસે ઘટનાસ્થળેથી પુરાવા એકત્રિત કરવાની કામગીરી હાથ ધરી છે તેમજ આસપાસના સીસીટીવી ફૂટેજ પણ ચકાસવામાં આવી રહ્યા છે.

પોલીસના પ્રાથમિક દાવા મુજબ, ફાયરિંગ પાછળ જૂની અંગત અદાવત કારણભૂત હોવાની શક્યતા છે. જોકે, ઘટનાના ચોક્કસ કારણો અને સંડોવાયેલા આરોપીઓ અંગે વધુ તપાસ ચાલી રહી છે. બનાવ બાદ પોલીસે ઝડપી કાર્યવાહી કરીને ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓને અટકાયત કરી પૂછપરછ માટે પોલીસ સ્ટેશન ખાતે લઈ ગઈ છે.

વહેલી સવારે બનેલી આ ઘટનાથી સ્થાનિક રહેવાસીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસ દ્વારા સમગ્ર મામલાની ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

## જૂની અદાવતે કરાયેલા ફાયરિંગ કેસમાં ૪ આરોપીને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન







વડોદરાના કુંભારવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં શુક્રવારે વહેલી સવારે યુવક પર થયેલા ચાર રાઉન્ડ ફાયરિંગ કેસમાં પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી છે. તપાસના ભાગરૂપે પોલીસે આરોપીઓને સાથે રાખી ઘટના સ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. પોલીસે આરોપીઓએ કેવી રીતે હુમલાની યોજના બનાવી અને ફાયરિંગને અંજામ આપ્યો તેની વિગતો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

### અમારા પર ચાર રાઉન્ડ ફાયરિંગ, તલવાર અને ચપ્પાથી હુમલાનો પ્રયાસ

12 જૂને રાત્રે આશરે 3:30 વાગ્યે મિત્ર સાજિદ શેખને છાતીમા દુખાવો થતા તેને સારવાર માટે હુ તથા મારો મિત્ર જમનાબાઈ હોસ્પિટલ લઈ જતા સાજીદ ઉર્ફે જંગલી અને તેના મિત્રોને કેટલાક શખ્સોએ રસ્તામાં રોક્યા હતા. સુફીયાન ઉર્ફે અલ્લાએ બે દિવસ અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી અમારા પર બંદૂકથી ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. અન્ય આરોપીઓ તલવાર અને ચપ્પાં જેવા હથિયારો સાથે હુમલો કરવા દોડી આવ્યા હતા. જીવ બચાવવા અમે બાઇક છોડીને નજીકના હરિજનવાસ વિસ્તારમાં ભાગી ગયા હતા. જેના કારણે બચી ગયા હતા.

**- સાજીદ નાઝીમ ઉદ્દીન શેખ**

### આરોપીઓ

(1) સુફીયાન ઉર્ફે અલ્લા અલ્લા સિકંદરખાન પઠાણ ( રહે.પાંજરીગર મહોલ્લો બરફવાળી ગલી વડોદરા )
(2) સરફરાજ ઉર્ફે સરૂ શબ્બીરશા દિવાન ( રહે. મન્સુરી કબ્રસ્તાન વડોદરા)
(3) વહાબ ઉર્ફે ખાટકી અબલખાન (રહે.ચમન ટેકરા વડોદરા, વડોદરા)
(4) ફરદીન ઉર્ફે લેન્ડી ફીરોજખાન પઠાણ
(રહે.દરબાર પાન સામેની ગલીમા હાથીખાના વડોદરા )
(5) વાહીદ ઉર્ફે બાબા (ભારત ચીકન પાસે વડોદરા)
(6) સોયેલ ઉર્ફે સોહીલ ઉર્ફે બોટમ વસીમ બેલીમ (રહે.મતનગર ચિસ્તીયા મસ્જીદની બાજુમાં ભાંડવાડા વડોદરા)
(7) ફેજાન (રહે.વાડી વડોદરા)

### સુફિયાન પઠાણ ગુજસીટોકના ગુનામાં સજા કાપી ચૂક્યો છે

પોલીસે ઘટનાને અંજામ આપવા માટે ઉપયોગમાં લેવાયેલી દેશી બનાવટની પિસ્ટલ કારતુસ પણ કબજે કરાયા છે. આરોપીઓમાંથી સુફિયાન પઠાણ ગુજસીટોકના ગુનામાં સજા કાપી આવ્યો છે. ચારની ધરપકડ કરવા સાથે અન્ય ફરારની શોધખોળ કરાઈ રહી છે. **- એ જે પાંડવ** પીઆઇ કુંભારવાડા પોલીસ સ્ટેશન

### અનિચ્છનિય બનાવ બન તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

હાથીખાના વિસ્તારમાં સ્થાનિક પોલીસ સહિત વિવિધ એજન્સીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટના દોડી આવ્યો હતો. આ વિસ્તાર સંવેદનશીલ વિસ્તાર હોવાના કારણે ઘટનાના પગલે શહેરનું વાતાવરણ ન ડહોળાઈ એના માટે પોલીસ દ્વારા સમગ્ર વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

### દબાણ શાખાએ નવી જગ્યા શોધવાની કવાયત આદરી

# જપ્ત કરાયેલા ૧૧૦૦ લારી-ગલ્લા અને વાહનોના ખડકલાથી સ્ટોરેજ ડેપો હાઉસફૂલ

**ડેપો** ખાલી કરવા એક વર્ષ બાદ ફરીથી લારી-ગલ્લાની નવી જાહેર હરાજી કરવાની પ્રક્રિયા શરૂ કરાઇ



(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા મહાનગર સેવા સદન દ્વારા શહેરમાં ટ્રાફિક અને દબાણની સમસ્યા દૂર કરવા માટે નિયમિત ઝુંબેશ ચલાવવામાં આવે છે. જોકે, આ કામગીરી દરમિયાન જપ્ત કરવામાં આવતા લારી-ગલ્લા, કેબિન અને વાહનોના સંગ્રહ માટે હવે જગ્યાનો ગંભીર અભાવ સર્જાયો છે. પાલિકાના હાલના સ્ટોરેજ ડેપોમાં વધુ સામાન રાખી શકાય તેવી સ્થિતિ ન હોવાથી તંત્ર માટે નવી સમસ્યા ઊભી થઈ છે.

માહિતી મુજબ, કોર્પોરેશનના સ્ટોરેજ ડેપોમાં હાલમાં અંદાજે 1100 જેટલા જપ્ત કરાયેલા લારી-ગલ્લા અને કેબિનનો ખડકલો થઈ ગયો છે. તેની સાથે રસ્તાઓ પરથી જપ્ત કરાયેલા આશરે 80 નાના-મોટા વાહનો પણ અહીં જ રાખવામાં આવ્યા છે. સતત વધતા જપ્ત સામાનને કારણે સ્ટોરેજ સાઈટ સંપૂર્ણ ભરાઈ જતાં દબાણ હટાવ શાખાની કામગીરી પર અસર જોવા મળી રહી છે.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્પોરેશનના અધિકારીઓએ તાત્કાલિક વૈકલ્પિક સ્ટોરેજ જગ્યા શોધવાની પ્રક્રિયા શરૂ કરી છે. શહેરની આસપાસ તેમજ પાલિકાની માલિકીની ખાલી જમીનોની તપાસ કરવામાં આવી રહી છે, જેથી ભવિષ્યમાં જપ્ત થતો સામાન ત્યાં ખસેડી શકાય. બીજી તરફ, ડેપોમાં જગ્યા ખાલી કરવા માટે તંત્ર ફરી એકવાર જાહેર હરાજીનો માર્ગ અપનાવશે. એક વર્ષ અગાઉ પણ બિનવારસી લારી-ગલ્લાની હરાજી કરીને સ્ટોરેજ ખાલી કરવામાં આવ્યું હતું. હવે ફરી સમાન સ્થિતિ સર્જાતા જપ્ત સામાન અને વાહનોની હરાજી માટે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત બાદ હરાજી પ્રક્રિયા હાથ ધરાશે.

### સયાજીપુરામાં પાણી પુરવઠો ખોરવાતા સ્થાનિકોનો ઉગ્ર વિરોધ

# પાણી વિના વુડાના રહીશોમાં રોષ, પાલિકા કચેરીએ નહાવાની ચીમકી

**ચાર** દિવસમાં ઉકેલ નહીં આવે તો પાલિકા કચેરીએ મોરચાની ચેતવણી



(પ્રતિનિધિ) વડોદરા, તા.12

સ્માર્ટ સિટી વડોદરાના આજવા રોડ સ્થિત સયાજીપુરા વિસ્તારમાં પીવાના પાણીની ગંભીર સમસ્યાને લઈને સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. સયાજીપુરા પાણીની ટાંકી સામે આવેલા વુડાના આવાસોમાં છેલ્લા ઘણા દિવસોથી પાણીનો પુરવઠો ખોરવાઈ જતાં લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ઉનાળાની ગરમી વચ્ચે ટીપું પાણી મેળવવા માટે પણ રહીશોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ પાણીની સમસ્યા અંગે અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. શરૂઆતમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે પાણીના ટેન્કર મોકલવામાં આવ્યા હતા, પરંતુ રહીશોએ આક્ષેપ કર્યો છે કે રાજકીય દબાણના કારણે ટેન્કરની સેવા પણ અન્યત્ર ખસેડી દેવામાં આવી હતી. જેના કારણે લોકોમાં અસંતોષ વધુ ઉગ્ર બન્યો છે.


સમસ્યાના નિરાકરણની માંગ સાથે મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરુષોએ વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન રહીશોએ પાલિકા તંત્રને ચાર દિવસની આખરી મહેતલ આપી છે. તેમણે ચેતવણી આપી છે કે જો નિર્ધારિત સમયગાળામાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો તેઓ પાલિકાની મુખ્ય કચેરી ખાતે મોરચો માંડશે.

રહીશોએ જણાવ્યું હતું કે, "ઘરે પાણી નહીં મળે તો અમે પાલિકા કચેરીમાં જઈને જ અમારી દૈનિક જરૂરિયાતો અને નહાવા-ધોવાની કામગીરી કરીશું." સ્થાનિકોની આ અનોખી ચીમકી બાદ હવે પાલિકા તંત્ર સમસ્યાના ઉકેલ માટે કેટલું ઝડપથી પગલાં ભરે છે તેના પર સૌની નજર છે.

### વિપક્ષનો ઉગ્ર વિરોધ છતાં સમિતિઓની રચના, સત્તાપક્ષે બહુમતીના જોરે નિર્ણય પસાર કર્યો

# તાલુકા પંચાયતમાં નિયમોનો ભંગ કે રાજકીય દબદબો? ભાજપ પ્રમુખની હાજરીથી ગૃહમાં હોબાળો

સ્વ. યોગેશ પટેલને શ્રદ્ધાંજલિ આપવાનું પણ ભૂલાયું, રાજકીય અને વહીવટી વર્તુળોમાં ચર્ચા





(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા તાલુકા પંચાયત ખાતે યોજાયેલી વિશેષ સામાન્ય સભા ભારે વિવાદ અને હોબાળાની વચ્ચે સંપન્ન થઈ હતી. પંચાયત એક્ટની જોગવાઈઓને અવગણીને તાલુકા ભાજપ પ્રમુખ દર્પણ પટેલ સહિત સંગઠનના હોદ્દેદારો સભાખંડમાં હાજર રહેતા વિપક્ષના સભ્યોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વિપક્ષે દલીલ કરી હતી કે સામાન્ય સભામાં માત્ર ચૂંટાયેલા સભ્યો, સચિવ અને અધિકૃત સરકારી અધિકારીઓને જ હાજરીનો અધિકાર છે, તેમ છતાં બિન-ચૂંટાયેલા પદાધિકારીઓની હાજરીથી નિયમોના ભંગનો પ્રશ્ન ઊભો થયો હતો.

વિરોધ અને ભારે બોલાચાલી વચ્ચે પણ સત્તાધારી ભાજપે બહુમતીના જોરે કાર્યવાહી આગળ ધપાવી હતી. ગૃહમાં ચાલતા વિવાદ વચ્ચે કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની રચનાની જાહેરાત કરવામાં આવી હતી. કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે બ્રિજેશ ઠાકોર અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે મથુર રાઠોડિયાની નિમણૂક કરવામાં આવી હતી.

સભાખંડમાં તાલુકા ભાજપ પ્રમુખની હાજરી અંગે પૂછાતા તાલુકા પંચાયત પ્રમુખ પૂનમ જાધવે તેઓ પક્ષનો મેન્ડેટ લઈને આવ્યા હોવાનું કારણ આપ્યું હતું. જોકે આ જવાબથી વિવાદ વધુ ઘેરાયો હતો અને વહીવટી વર્તુળોમાં પણ ચર્ચા જાગી હતી.

આ સમગ્ર ઘટનાક્રમમાં સૌથી વધુ ચર્ચાનો વિષય એ રહ્યો કે વડોદરાના વરિષ્ઠ ધારાસભ્ય સ્વ. યોગેશ પટેલના તાજેતરના અવસાન બાદ મળેલી આ પ્રથમ સામાન્ય સભામાં તેમને શ્રદ્ધાંજલિ અપાઈ ન હતી. સામાન્ય રીતે આવી બેઠકની શરૂઆતમાં શોક પ્રસ્તાવ અને બે મિનિટનું મૌન પાળવાની પરંપરા હોવા છતાં તે પ્રક્રિયા કરવામાં આવી ન હતી. મીડિયા દ્વારા સવાલો ઉઠતા તંત્ર અને સત્તાધારી પક્ષ બંને મુશ્કેલીમાં મુકાયા હતા. નિયમો, રાજકીય શિસ્ત અને સૌજન્ય અંગે ઊભા થયેલા પ્રશ્નોને લઈને તાલુકા પંચાયતની આ બેઠક હાલ ચર્ચાનું કેન્દ્ર બની છે.

### CBI, IPS, જજ અને વકીલ બની ગઠિયાઓએ ૫૩૮ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ફસાવ્યાનો ડર બતાવ્યો

# ૧૮ દિવસના 'ડિજિટલ અરેસ્ટ'માં રાખી નિવૃત્ત વૃદ્ધ પાસેથી રૂ.૧.૫૯ કરોડની સાયબર ઠગાઈ

**સાયબર** હેલ્પલાઇનની ઝડપી કામગીરીથી રૂ.11.36 લાખ બચ્યા, રૂ.1.47 કરોડ હજુ અટવાયેલા

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરાના વાસણા રોડ વિસ્તારમાં રહેતા એક નિવૃત્ત સિનિયર સિટીઝન સાથે 'ડિજિટલ અરેસ્ટ'ના નામે રૂ.1.59 કરોડની ચોંકાવનારી સાયબર ઠગાઈનો બનાવ સામે આવ્યો છે. આધુનિક ટેક્નોલોજીનો દુરુપયોગ કરી સાયબર ગઠિયાઓએ CBI અધિકારી, IPS અધિકારી, જજ અને વકીલ જેવી ઉચ્ચ હોદ્દેદાર વ્યક્તિઓની ઓળખ ધારણ કરી વૃદ્ધને 18 દિવસ સુધી સતત માનસિક દબાણ હેઠળ રાખ્યા હતા. આ દરમિયાન વૃદ્ધે પોતાની એફડી, વીમા પોલિસી અને અન્ય રોકાણો તોડીને વિવિધ બેંક ખાતાઓમાં કુલ રૂ.1.59 કરોડ ટ્રાન્સફર કરી દીધા હતા.

10 માર્ચ 2026ના રોજ વૃદ્ધને એક અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારી માનવ શર્મા તરીકે આપી હતી અને તેમના આધાર કાર્ડનો ઉપયોગ કરી ગેરકાયદેસર મોબાઈલ નંબર ચલાવવામાં આવતો હોવાનો આક્ષેપ કર્યો હતો. થોડા સમય બાદ તેમને કથિત મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અને CBI અધિકારીઓ સાથે જોડવામાં આવ્યા હતા. વોટ્સએપ વીડિયો કોલ પર આવેલા એક વ્યક્તિએ પોતાને CBI અધિકારી વિજય પ્રકાશ તરીકે ઓળખાવી વૃદ્ધના નામે ખોલાયેલા બેંક ખાતામાં રૂ.538 કરોડના મની લોન્ડરિંગનો કેસ નોંધાયો હોવાનું જણાવ્યું હતું. ઠગોએ ધરપકડ, સાત વર્ષની જેલ, મિલકતો જપ્ત થવા અને સામાજિક પ્રતિષ્ઠા ખરડાઈ જવાની ધમકીઓ આપી હતી. વિશ્વાસ જીતવા માટે કથિત FIR, CBI નોટિસ અને સુપ્રીમ કોર્ટના દસ્તાવેજો પણ મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ અન્ય વ્યક્તિઓએ IPS અધિકારી, જજ અને વકીલ તરીકે વીડિયો કોલમાં હાજર રહી પૂછપરછ શરૂ કરી હતી. 10 માર્ચથી 27 માર્ચ સુધી વૃદ્ધને 'ડિજિટલ અરેસ્ટ' હેઠળ રાખવામાં આવ્યા હતા. દર બે કલાકે વીડિયો કોલ દ્વારા હાજરી આપવા ફરજ પાડવામાં આવતી હતી અને સમગ્ર ઘટનાની જાણ પરિવારજનો કે અન્ય કોઈ વ્યક્તિને નહીં કરવા માટે દબાણ કરવામાં આવતું હતું. સતત ડર, ગભરાટ અને માનસિક તાણના કારણે વૃદ્ધે ઠગોની વાતોને સાચી માની કરોડો રૂપિયાની રકમ ટ્રાન્સફર કરી દીધી હતી.

### વધુ એક એફડી તોડવા જતા ભાંડો ફૂટ્યો

આ સમગ્ર કાવતરાનો પર્દાફાશ ત્યારે થયો હતો જ્યારે વૃદ્ધ વધુ એક એફડી તોડવા માટે બેંક પહોંચ્યા હતા. બેંક અધિકારીઓને શંકા જતાં તેમણે વૃદ્ધની પુત્રીનો સંપર્ક કર્યો હતો. પુત્રીએ સમગ્ર હકીકત જાણ્યા બાદ તાત્કાલિક 1930 સાયબર હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવી હતી. સાયબર હેલ્પલાઇન અને બેંકિંગ તંત્રની ઝડપી કામગીરીના કારણે રૂ.11.36 લાખની રકમ બચાવવામાં સફળતા મળી હતી. જોકે હજુ રૂ.1.47 કરોડની રકમ પરત મળી નથી. પોલીસે ગુનો દાખલ કરી સાયબર ગઠિયાઓ સુધી પહોંચવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ ઘટનાએ ફરી એકવાર 'ડિજિટલ અરેસ્ટ'ના વધતા સાયબર ગુનાઓ સામે નાગરિકોને સાવચેત રહેવાની જરૂરિયાત ઉજાગર કરી છે.